વ્હાલાની લગની લાગી, (૪)
ઓ રે, શામજી સુંદરવર તારું અહીંયાં અક્ષરધામ, (૨)
હે... કિયાં તને અમે જોવા જૈ, તારો મુક્તોમાંહી વાસ...
વ્હાલો વ્હાલો વ્હાલે વેરતો રે, પ્રીત એવી અજબ કરનાર, (૨)
તું રસિયો છે, મન વસિયો છે, તું મૂર્તિનો દેનાર... હે... કિયાં.

આપો આપો બધું આપો, મને કંઈ થોડાથી નહીં ચાલનાર, (૨)
તું જે માગે, હું દઉં રાગે, તું મારો જીવનપ્રાણ... હે... કિયાં.

ખોલો ખોલો બધી પોલ ખોલો, જોયો તું છે મુક્તોમાં ખેલનાર, (૨)
તું મુક્તોમાં, મુક્તો તુંમાં, તું રસબસ થઈ રહેનાર... હે.... કિયાં.

પાકો પાકો તું એવો પાકો, લે તેને તું નહીં છોડનાર, (૨)
મોઢે કંઈ ન કે' કરાવી લે, તું સાચો છે રખવાળ... હે... કિયાં.

વ્હાલીડાએ પ્રેમે પલોટ્યા, પ્રગટાવ્યા, પ્રકાશ્યા પ્રેમળ દિવ્ય દીપ, (૨)
તેં રંગ રેલ્યો, જુગાર ખેલ્યો, તું હારમાં જીત દેનાર... હે... કિયાં.

લાડીલાએ નેમે નમાવ્યા, વગાડ્યા, રેલાવ્યા વજથી સંગીત, (૨)
તું હરખાતો, તું હારી જાતો, તું થઈ ગ્યો મુક્તોનો દાસ... હે... કિયાં.